# Shri Govind Guru University, Godhra

(Established vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એકેડેમિક/૪૫૨૬/૨૦૨૪ તા. ૩૦-૦૭-૨૦૨૪

## પરિપત્ર : ૩૪૪૩

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક / અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા એડમિશન સંભાળનાર નોડલ અધિકારીશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા અગાઉ જાહેર કરેલ પરીપત્ર ક્રમાંક : ૩૪૩૯ મુજબ તા. ૨૯-૦૭-૨૦૨૪ સુધી યુનિવર્સિટી દ્વારા જાહેર કરેલ સમયસારણી અનુસાર પ્રવેશ અંગેની કાર્યવાહી કરવા જણાવેલ હતુ.

આથી તમામ સ્નાતક / અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તથા એડમિશન સંભાળનાર નોડલ અધિકારીશ્રીઓને જણાવવાનું કે ધોરણ ૧૨ નુ પુરક પરીક્ષાનુ પરીણામ તથા યુનિવર્સિટી દ્વારા પણ લેવાયેલ પરીક્ષાનુ પુરક પરીણામ જાહેર કરવામાં આવેલ હોય જેથી પ્રવેશ પ્રક્રિયા ઈન્ટેકની મર્યાદામાં આગામી તા. ૦૩-૦૮-૨૦૨૪ સુધી ઓફ્લાઈન (Manual) મોડ દ્વારા આપના કોલેજ તથા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ મારફતે કરી શકશે. તા. ૦૪-૦૮-૨૦૨૪થી થનાર તમામ પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ ફી ની સાથો સાથ લેઈટ ફી લેવામાં આવશે જેની નોંધ લેવી.

પ્રવેશ પ્રક્રિયા માટે આપનાં કોલેજ / અનુસ્નાતક વિભાગોને ફાળવેલ ઈન્ટેક તથા મેરીટના ધોરણે જ એડમિશન ફાળવવા તેમજ ABC ID વગરના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ થઈ શકાશે નહિ જેથી કરીને એનારોલમેન્ટ પહેલા તમામ વિદ્યાર્થીઓના ABC ID ક્રીએશન અંગેની કાર્યવાહી સમય સર પૂર્ણ કરવી. વધુમાં જણાવવાનું કે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેથી GCAS પોર્ટલ પર દર્શાવેલ ડેટા ને આખરી ડેટા તરીકે ગણવામાં આવશે.

કુલસચિવશ્રી
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા, પંચમહાલ

નકલ રવાના : (૧) માન. કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ જાણ સારુ...
(૨) તમામ સ્નાતક/અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તેમજ એડમિશન સંભાળનાર અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ કરવા અંગે...


Address: At: Vinzol, Post: Kakanpur, Taluka: Godhra, District: Panchmahal, Gujarat-388713, INDIA
Website: www.sggu.ac.in Phone No: 02672 255101